**GJVD020823442024**

सत्यमेव जयते

## <u>મે. વડોદરાના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં,પ્રથમ કોર્ટ, મુ. વડોદરા.</u>

**<u>ફોજદારી કેસ નં. ૭૩૦૫૧–૨૦૨૪</u>**

**ફરિયાદી : શ્રી સરકાર**

**<u>વિરુધ્ધ</u>**

**આરોપી : રણજીતસિંહ ગણપતસિંહ ગોહીલ**

**ગુન્હો : પ્રોહી એકટની કલમ–૬૬(૧) (બી) મુજબ.**

## <u>– : ચુ કા દો :–</u>

(૧) આ કામે આરોપી સામે ત.ક. અમલદારે **પ્રોહી એકટની કલમ–૬૬(૧) (બી), ૮૫(૧)** મુજબનું ચાર્જશીટ રજુ કરેલ છે. જે અન્વયે કોર્ટ ધ્વારા આરોપી સામે **પ્રોહી એકટની કલમ–૬૬(૧)(બી) ના ગુના અંગેનુ સંજ્ઞાત લેવામાં આવેલ છે.** આરોપીએ આજરોજ હાજર થઈ કબુલાત પુરસીસ રજુ કરી પોતે ગુનો કબુલ કરતો હોવાની હકીકત જણાવેલ છે અને જણાવેલ છે કે, પોતે ગરીબ વર્ગનો છે અને કુટુંબની જવાબદારી તેના શીરે છે. કાયદા પ્રત્યે માન છે. અજાણતા હાલનો ગુનો થયેલ છે તેનો પસ્તાવો વ્યકત કરે છે અને ભવિષ્યમાં આવા પ્રકારનુ કોઈ ગુનાહીત કૃત્ય કરશે નહી તેવી ખાત્રી આપે છે. આરોપીનુ નિવેદન લેતા તેની કબુલાત સ્વૈચ્છિક હોવાનું જણાય છે. કોઈએ તેને કોઈ લાલચ કે પ્રલોભન આપેલ નથી. ગુનાની સજાની જોગવાઈ બાબતે તેને માહીતગાર કરવામાં આવેલ છે છતાં પોતે સ્વૈચ્છિક કબુલાત કરતો હોઈ તેની કબુલાત રેકર્ડ કરવામાં આવે છે. આરોપીની રજુઆત, તેની સામાજીક અને આર્થિક સ્થિતી અને જે સંજોગોમાં ગુનો બનવા પામેલ છે તે તમામ હકીકત ધ્યાને લેતા આરોપીને ઓછામાં ઓછી સજા કરવા માટેનો યોગ્ય કેસ જણાય છે અને આ બાબતે નામદાર ગુજરાત વડી અદાલતનો **નટવર હરચંદ વિ. સ્ટેટ નો ચુકાદો કે જે જી.એલ.આર. ૨૦૦૫** માં પ્રકાશિત થયેલ છે તે ધ્યાને લેતા આરોપીને

આવા કિસ્સામાં ન્યુનતમ સજા કરતા પણ ઓછી સજા કરી શકાય તેમ હોઇ આરોપીની કબુલાત ધ્યાને લેતા નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–ઃ હુ ક મ ઃ–**

(૧) આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૭૫ અન્વયે તેમની સામેના આક્ષેપિત **પ્રોહી એકટની કલમ–૬૬(૧)(બી)** મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી **રૂ.૧૦૦/– (અંકે રૂપિયા એકસો પુરા)** નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો આરોપીએ દિન– ૦૨ ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૨) આ કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ જો દારુ/ વોશ હોય તો તેનો અપીલ પીરીયડ વીત્યેથી નાશ કરવા કરવો. હરાજી કરવાપાત્ર હોય તો અપીલ પીરીયડ બાદ હરાજી કરી ઉપજેલ રકમ સરકાર ખાતે જમા કરવી. પ્રતિબંધીત હથીયાર હોય તો તેનો અપીલ પીરીયડ વીત્યેથી નાશ કરવો. કલેઇમ નહી કરેલ નાણાં પણ અપીલ પીરીયડ બાદ સરકાર ખાતે જમા કરાવવા. કોઇ વાહન કે મોબાઇલ હોય તો અગાઉ વચગાળાની કસ્ટડીનો કરેલ હુકમ શરતો વિના કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ યોજવામાં આવેલ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : વડોદરા.
તા.૧૪/૦૯/૨૦૨૪

**(પી. એસ. રાઠોડ)**
**જયુડી.મેજી. ફ.કલાસ,પ્રથમ કોર્ટ ,વડોદરા**
**જજ કોડ નં. જીજે ૦૧૧૩૪**

Received Rs. ________________
Receipt No.______________
Date : 14/09/2024

Superintendent
J.M.F.C. FIRST COURT,
VADODARA.